For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સુરત મનપામાં ભાજપનાં 31 વર્ષના શાસનના ઈતિહાસમાં પ્રથમ વખત સાડા ત્રણ કલાકે મેન્ડેટ આવ્યો

# હાઈવોલ્ટેજ ડ્રામા: મેયર, ડે.મેયર નવા ચહેરા, સ્થાયી ચેરમેન રિપીટ

**રિપીટેશન** કે નો-રિપીટેશનની માથાકૂટમાં મામલો અટવાતાં સંકલન મીટિંગ બાદ સામાન્ય સભા પણ શરૂ કરી દેવી પડી

**ઈ-મેન્ડેટ**નો છેદ ઉડાડી પ્રદેશમાંથી શહેર સંગઠનને એવી સૂચના અપાઈ કે સ્પીકર ફોન પર મેન્ડેટ અપાશે

**આખરે** બપોરે દોઢ વાગ્યે પ્રભારીએ ફોન કરીને સ્પીકર ફોન પર જ પદાધિકારીનાં નામોની જાહેરાત કરતાં સભામાં વરણી કરાઈ

સુરતઃ સુરત મહાપાલિકામાં ભાજપના 31 વર્ષના ઈતિહાસમાં આજે પ્રથમ વખત એવું બન્યું હતું કે, ભાજપની સંકલન બેઠક અને સામાન્ય સભા શરૂ થઈ જવા છતાં પણ પદાધિકારીઓના નામોના મેન્ડેટ આવ્યા નહોતા.એક મહિના પહેલા કોર્પોરેટરો જીતી ચૂક્યા હતા અને ત્યારબાદ ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા પણ કરી લેવામાં આવી હતી પરંતુ નામો જાહેર કરાયા નહોતા. ઈ-મેઈલ દ્વારા મેન્ડેટ આવશે તેવી વાતો હવામાં ઉડી ગઈ હતી. ઈ-મેઈલ કે કવર, કોઈમાં પણ સવારે મેન્ડેટ આવ્યો નહોતો. બાદમાં પ્રદેશ ભાજપે મોબાઈલ પર ફોન કરીને ભાજપ માટેના પદાધિકારીઓના નામોની જાણ કરી હતી. સાડા ત્રણ કલાકના ડ્રામા બાદ ભાજપે આખરે મેયર તરીકે સૌરાષ્ટ્રીયન માયા માવાણી, પરપ્રાંતિય તરીકે ડે.મેયર તરીકે સુધાકર ચૌધરી અને સ્થાયી સમિતીના ચેરમેન તરીકે મૂળ સુરતી રાજન



પટેલ પર પસંદગી ઉતારી હતી અને તમામની સામાન્ય સભામાં વરણી કરવામાં આવી હતી.

આજે સુરત મહાપાલિકામાં ભાજપના પદાધિકારીઓની વરણી માટે ગુરૂવારે 11 વાગ્યે સામાન્ય સભા બોલાવાઈ હતી, સભા પહેલા પદાધિકારીઓના નામ જાહેર કરવા માટે 10 વાગ્યે શહેર ભાજપની સંકલનની મીટીંગ બોલાવાઈ હતી. બપોરે 10 વાગ્યાથી સુરતના કોર્પોરેટરોએ રાહ જોવાનું ચાલુ કર્યુ હતું પરંતુ પ્રદેશમાંથી ફોન આવ્યો નહોતો. વડોદરા, સુરેન્દ્ર નગર, ભાવનગર, વાપી, આણંદ - કરમસદ અને રાજકોટનાં પદાધિકારીઓની

...અનુસંધાન પાના 5 પર

### પક્ષના ચુંટાયેલા તમામ 115 કોર્પોરેટર મજબૂત હોવાથી તેમાંથી કોને પદ આપવું તે નક્કી કરવું મુશ્કેલ બન્યું છે: પ્રમુખ પરેશ પટેલની કબૂલાત

ચૂંટણી પરિણામોનાં એક મહિના બાદ પણ સુરત મહાનગર પાલિકાના મેયરથી માંડીને અન્ય પદાધિકારીઓના નામ પર બપોર સુધી ભારે સસ્પેન્શ જોવા મળ્યું હતું. એક તબક્કે શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ દ્વારા આ સ્થિતિ અંગે બચાવ કરતાં જણાવાયું હતું કે, ભાજપનાં ચુંટાઈ આવેલા 115 સભ્યો એટલા ખમતીધર છે કે તે પૈકી કોના નામ કાપવા તે અંગે ભારે મથામણ કરવી પડી રહી છે. જો કે, તેમના ચહેરાનાં હાવભાવ પરથી સ્પષ્ટ ફલિત થઈ રહ્યું હતું કે, પ્રદેશ મોવડી મંડળે શહેર પ્રમુખ હોવા છતાં તેમને કલાકો રાહ જોવડાવી તે સ્થિતી અસહ્ય હતી.

### ફોન કરીને પૂછો, નામ નક્કી કરવાનું ભૂલી તો ગયા નથીને?, પૂર્વ મેયરે ટકોર કરી

સવારે 10 વાગ્યે ભાજપની સંકલન મીટિંગ મળી હતી ત્યારથી પદાધિકારીઓના નામોની જાહેરાતની રાહ તમામ જોઈ રહ્યા હતા. પરંતુ 10:50 સુધી જાહેરાત ન થતા સૌ કોઈ અચરજમાં મુકાયા હતા કારણ કે, 11 વાગ્યે સામાન્ય સભા મળવાની હતી. સામાન્ય સભા શરૂ થવાના 10 મિનિટ પહેલા પણ નામો માટે પ્રદેશથી ફોન ન આવતા પૂર્વ મેયર અસ્મિતા શિરોયાએ ટકોર કરી હતી કે, નામો આપવાનું ભુલી નથી ગયા ને? ફોન કરીને રીમાઈન્ડ કરાવી દો.

### શહેર પ્રમુખ અને મહામંત્રીઓએ મેન્ડેટની રાહમાં એક જ જગ્યાએ ત્રણ કલાક બેસી રહેવું પડ્યું

શહેર પ્રમુખ અને મહામંત્રીઓ નામોની જાહેરાત કરવાની હોય સવારે 10 વાગ્યાથી મનપા મુખ્ય કચેરી તાપી ભવન ખાતે પહોંચી ગયા હતા. શરૂઆતની 10 મિનિટ સંકલન કરાયા બાદ, પ્રદેશથી નામોની જાહેરાત માટે ફોનની રાહ જોવાઈ હતી. પંરતુ 1:30 વાગ્યા સુધી ફોનની રાહ જોવા માટે તમામે એક જ જગ્યાએ બેસી રહેવું પડ્યું હતું. શહેર પ્રમુખ પરેશ પટેલના મોબાઇલ પર મોવડી મંડળનો ફોન આવવાનો હોવાથી આ દરમિયાન આવતા અન્ય કોલ શહેર પ્રમુખે સતત કાપવા પડયા હતા.

**મેયર માયા માવાણી**



અભ્યાસ ધો.12 સુધી
પૂર્વ મહિલા મોરચા કારોબારી અને હાલમાં મંત્રી
મૂળ સૌરાષ્ટ્રીયન પાટીદાર

**ડે.મેયર સુધાકર ચૌધરી**



અભ્યાસ ધો.9 સુધી
પૂર્વ કોર્પોરેટર અને પૂર્વ ભાજપ વોર્ડ મહામંત્રી
મૂળ મહારાષ્ટ્રીયન માલી સમાજ

**સ્થાયી ચેરમેન રાજન પટેલ**



અભ્યાસ બી.એસસી.
પૂર્વ સ્થાયી સમિતિ ચેરમેન
મૂળ સુરતી

**શાસક પક્ષના નેતા અલ્પા મહેતા**



અભ્યાસ ધો.12 પાસ
પૂર્વ વોર્ડ મહિલા મોરચા મંત્રી
મૂળ સુરતી (મોઢ વણિક)

**દંડક ઉર્મિલા શૈલેન્દ્ર ત્રિપાઠી**



અભ્યાસ ધો.8 પાસ
પૂર્વ કોર્પોરેટર અને પૂર્વ વોર્ડ મંત્રી
મૂળ યુપીનાં બ્રાહ્મણ

## સી.આર. પાટીલે છેક મામલો વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી લઈ જતાં

# અમદાવાદમાં બારોટને રિપીટ કરવામાં સુરતમાં રાજન પટેલને રિપીટ કરવા પડ્યા

**નો** રિપીટેશનના નામે રાજન પટેલનું પત્તું કાપવા માટે પ્રદેશ ભાજપ આતુર હતું, પરંતુ અમદાવાદની વરણીથી ભેરવાઈ ગયા

**સી.આર.** પાટીલે આગ્રહ રાખ્યો કે જ્યારે અમદાવાદમાં નો-રિપીટેશન નથી તો સુરતમાં કેમ?

સુરત : સમગ્ર ગુજરાતમાં મહાનગર પાલિકાઓમાં પદાધિકારીઓ નક્કી કરવા માટે ભાજપે નો-રિપિટેશન ફોર્મ્યુલા અપનાવવાનો મૌખિક નિર્ણય કર્યો હતો પરંતુ અમદાવાદમાં પદાધિકારીઓની વરણીમાં પ્રદેશ દ્વારા અગાઉ ગત ટર્મમાં

...અનુસંધાન પાના 5 પર

### મેયર માટે પોતાના વિશ્વાસુ અલ્પા મહેતાની જીદ પૂર્ણેશ મોદીએ પકડી હતી, પરંતુ તેમને શાસક પક્ષના નેતા બનાવી મનાવી લેવાયા

બીજી તરફ ભાજપમાં એવી ચર્ચા પણ ચાલી હતી કે, વિધાનસભાના ઉપાધ્યક્ષ પુર્ણેશ રાંદેર ઝોનમાંથી ચુંટાયેલા અને તેના વિશ્વાસુ જતીન મહેતા( ગાંધી )ના પત્નિ અલ્પા મહેતાને મેયર બનાવવા એડીચોટીનું જોર લગાવી રહ્યાં હતા. આ માટે સ્થાયી સમિતિ ચેમરમેનપદ સૌરાષ્ટ્રવાસીને આપવું પડે તો પણ વાંધો નહોતો. પરંતુ એક તો મેયરપદ જનરલ ક્વોટાની મહિલા માટે હતું અને આવું કરવા જતા

...અનુસંધાન પાના 5 પર

### મેયરપદે ચર્ચાતાં નામો ફરી કપાયાં : કહીં ખુશી કહીં ગમ જેવો માહોલ

સુરત મનપાના મેયરપદે ચર્ચાતા નામો છેલ્લી ઘડીએ કપાઇ જતા હોવાની પરંપરા રહી છે. ત્યારે આ વખતે પણ મેયરપદ માટે હોટ ફેવરિટ મનાતા સિનીયર કોર્પોરેટર ઉર્વશી પટેલ, મજુરા વિસ્તારના પ્રતિભા દેસાઇ, સિનીયર કોર્પોરેટર વૈશાલી શાહ, નેન્સી શાહ વગેરે

...અનુસંધાન પાના 5 પર

### કાવ્યા પટેલનું નામ કાપી મોવડી મંડળે ચમકાવ્યા

પાટીદાર આંદોલનમાં સક્રીય રહેલા અને આમ આદમી પાર્ટીમાંથી વિધાનસભા લડેલા અલ્પેશ કથિરીયાના પત્નિ કાવ્યા કથિરીયા મેયરપદ માટે હોટફેવરિટ મનાતા હતા, કેમકે એક તો તે જ્યાં ભાજપ 10 વર્ષથી હારતું હતું તે પાટીદાર ગઢમાંથી જીત્યા હતા અને બીજુ

...અનુસંધાન પાના 5 પર

### પાટીદાર મહિલાને મેયર બનાવવા સાથે ચેરમેન અને શાસક પક્ષ નેતા ઓબીસીને આપી ભાજપે બેલેન્સ કર્યુ

સુરતઃ સુરત મહાનગર પાલિકાના 39મા મેયર તરીકે પાટીદાર મહિલા નેતા માયા માવાણીની વરણી કરી ભાજપે પાટીદારોને રાજી રાખ્યા છે. તો સાથે સાથે છેલ્લાં ઘણાં વરસોથી પાટીદારોની નારાજગી વખતે ભાજપને સત્તા ટકાવી રાખવામાં મહત્ત્વનું યોગદાન આપનાર ઓબીસી સમાજના બે નેતાઓ રાજન પટેલને સ્થાયી સમિતિ ચેરમેન પદ અને મોઢ વણિક સમાજના અલ્પા મહેતાને શાસક પક્ષ નેતા પદ આપીને ઓબીસી કાર્ડ બેલેન્સ

...અનુસંધાન પાના 5 પર

### કંટાળેલા કોર્પોરેટરોએ દાણા - ચણા ખાઈને સમય પસાર કર્યો, આખરે મોડેથી વરણીઓ થઈ

સવારે 10 વાગ્યાથી તાપી ભવન ખાતે પહોંચેલા કોર્પોરેટરો બપોરે દોઢ વાગ્યા સુધી મેયર સહિતનાં પદાધિકારીઓનાં નામની જાહેરાત ન થતાં કંટાળેલા નજરે પડ્યા હતા. સભા ખંડમાં બે કલાકથી પણ વધુ સમયથી બેસેલા કોર્પોરેટરોએ શરૂઆતમાં તો પાણી પીને કામ ચલાવ્યું હતું પરંતુ બપોર થતાં થતાં મોટા ભાગનાં કોર્પોરેટરોને ભુખ સતાવી રહી હોય તેમ નજરે પડ્યું હતું. અલબત્ત, બપોરે દોઢ વાગ્યા સુધી પણ નામોની જાહેરાત ન થતાં કંટાળેલા કોર્પોરેટરો અંતે દાણા - ચણા ખાઈને પેટ ભરતાં નજરે પડ્યા હતા.

## કલ્પસર સરોવરની કલ્પનામાં નવાં સ્વરૂપો ઉમેરવા મથામણ

# ભરૂચ અને ભાવનગર વચ્ચે હાઇ-સ્પીડ એક્સપ્રેસ-વે બનશે

**ખંભાતના** અખાત પર વિશાળ સી-બ્રિજ બનશે, પ્રવાસનો સમય અડધો થશે

**કેન્દ્ર** સરકાર દ્વારા નિષ્ણાતો પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવી

**કન્સલ્ટન્સી** 12 મહિના ચાલશે, ડિઝાઈન ફાઈનલ થતાં પ્રોજેક્ટ શરૂ કરાશે

ભરૂચઃ ગુજરાતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે એક ઐતિહાસિક અને લાંબા સમયથી રાહ જોવાતા પ્રોજેક્ટે વેગ પકડ્યો છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MoRTH) એ ભરૂચ અને ભાવનગર વચ્ચે 4થી



6-લેનના હાઇ-સ્પીડ એક્સપ્રેસ-વે માટે નિષ્ણાત સલાહકારો પાસેથી દરખાસ્તની વિનંતી (RFP) આમંત્રિત કરી છે.

આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટની સૌથી મોટી ખાસિયત એ છે કે ખંભાતના અખાત પર વિશાળ દરિયાઈ પુલ બનાવવામાં આવશે. દરિયાઈ પુલ સહિત સમગ્ર કોરિડોરની કુલ લંબાઈ 68 કિલોમીટર રહેવાનો અંદાજ છે. આ એક્સપ્રેસવે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચેની મુસાફરીમાં ક્રાંતિ લાવશે. હાલમાં ભરૂચ અને ભાવનગર વચ્ચે ખાડીની આસપાસ લાંબો રસ્તો કાપવો પડે છે, જેના કારણે સમય અને બળતણ બંનેનો વ્યય થાય છે. નવો હાઇ-સ્પીડ કોરિડોર મુસાફરીનું અંતર અને સમય નોંધપાત્ર રીતે ઘટાડશે, જે મુસાફરો અને માલસામાનની અવરજવર

...અનુસંધાન પાના 5 પર

# સુરતમાં 16 કિમીની ઝડપે પવન ફુંકાતાં ગરમીથી રાહત

**સુરતમાં** મહત્તમ 35.2 અને લઘુત્તમ 28.2 ડિગ્રી તાપમાન નોંધાયું

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં બદલાવ જોવા મળી રહ્યો છે. આજે શહેરમાં દક્ષિણ પશ્ચિમ દિશાથી આશરે 16 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા ગરમીમાં નોંધપાત્ર રાહત અનુભવાઈ હતી. ભારે પવનોના કારણે શહેરના તાપમાનમાં 0.4 ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે શહેરનું મહત્તમ તાપમાન 35.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ 0.4 ડિગ્રી ઘટીને 28.2 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ 66 ટકા નોંધાતા ઉકળાટનો માહોલ યથાવત રહ્યો હતો, પરંતુ તેજ પવનોને કારણે લોકોને ગરમીથી ઘણી રાહત મળી હતી. શહેરમાં છેલ્લા ત્રણેક દિવસથી સતત પવનની ગતિમાં વધારો જોવા મળી રહ્યો છે. સાથે સાથે આછું વાદળછાયું વાતાવરણ પણ છવાયેલું રહેતાં સૂર્યપ્રકાશની તીવ્રતા ઘટી હતી. દિવસ દરમિયાન ગરમી હોવા છતાં પવનના કારણે વાતાવરણમાં થોડી ઠંડકનો અનુભવ થયો હતો.

...અનુસંધાન પાના 5 પર

### જૂન મહિનાથી પ્રિમોન્સુન એક્ટિવીટી શરૂ થવાની શક્યતા

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ મે મહિનો પૂર્ણ થવાના આરે છે અને હવે જૂન મહિનાની શરૂઆત સાથે જ પ્રિમોન્સુન એક્ટિવીટી ધીમે ધીમે સક્રિય બનવાની શક્યતા છે. આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ વધુ ઘેરું બનશે અને કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. દક્ષિણ પશ્ચિમ પવનોની અસર વધતાં રાજ્યના હવામાનમાં વધુ પલટો જોવા મળી શકે છે. જેના કારણે આવનારા દિવસોમાં તાપમાનમાં વધુ ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ડેઇલી ઇન્ટરનેશનલ ફ્લાઇટ નથી છતાં સુરતનો રેકોર્ડ

# એક વર્ષમાં બે લાખની વિદેશી સફર છતાં ઈન્ટરનેશનલ ફ્લાઈટ ઓછી

**યુદ્ધને** લીધે સુરતથી દુબઇ અને શારજાહની ફ્લાઇટ બંધ થતા એપ્રિલમાં એકમાત્ર સુરત બેંગકોક ફ્લાઇટને 4114 ઈન્ટરનેશનલ પેસેન્જર મળ્યા

**2018** -19 પછી સૌથી ઓછા ઈન્ટરનેશનલ પેસેન્જર એપ્રિલ-2026માં નોંધાયા

સુરતઃ વર્ષ 2018 -19 પછી સૌથી ઓછા ઈન્ટરનેશનલ પેસેન્જર એપ્રિલ 2026 માં નોંધાયા છે.ઈરાન વિરુદ્ધ અમેરિકા અને ઈઝરાયલના યુદ્ધને લીધે એર સ્પેસ બંધ કરવામાં આવી ત્યારથી સુરતથી શારજાહની એક અને સુરતથી દુબઈની 2 મળી કુલ 3 ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ થઈ છે.

### વર્ષ 2025/26માં સુરતીઓની પહેલી પસંદ દુબઇ રહ્યું

- સુરત - દુબઇ રૂટ પર 98470 પેસેન્જર મળ્યાં
- સુરત - શારજાહ રૂટ પર 68969 પેસેન્જર નોંધાયા
- સુરત - બેંગકોક રૂટ પર 37,385 પેસેન્જર મળ્યાં
- નાણાકીય વર્ષ દરમિયાન કુલ 2,04,824 ઇન્ટરનેશનલ પેસેન્જર મળવાનો રેકોર્ડ નોંધાયો

એપ્રિલમાં એકમાત્ર સુરત બેંગકોક ફ્લાઈટને 4114 ઈન્ટરનેશનલ પેસેન્જર મળ્યાં હતાં. 2025/26 ના વર્ષ દરમિયાન જોકે આ ફ્લાઈટને બમ્પર પ્રતિસાદ મળ્યો હોવા છતાં આ ફ્લાઈટ પણ એર ઈન્ડિયા એક્સપ્રેસે બંધ કરી દીધી છે. જાહેર થયેલા આંકડાઓ મુજબ એપ્રિલ 2026 માં 132,364 ડોમેસ્ટિક,4,114 ઈન્ટરનેશનલ મળી કુલ

136,478 પેસેન્જર મળ્યાં હતા. એપ્રિલમાં સ્કૂલ,કોલેજ અને યુનિવર્સિટીઓમા પરીક્ષાઓ રહેતી હોવાથી આ મહિનામાં પેસેન્જર ટ્રાફિક ઓછો રહેતો હોય છે.જ્યારે મે વેકેશનમાં પેસેન્જર સંખ્યા વધતી હોય છે.

એપ્રિલ 2026 માં જોકે પેસેન્જર સંખ્યા ભલે ઓછી રહી પણ સુરત એરપોર્ટથી ડોમેસ્ટિક કાર્ગોની હેરફેર વધીને 1,098 મેટ્રિક ટન નોંધાઈ હતી.સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી એક પણ ડેઈલી ઈન્ટરનેશનલ ફ્લાઈટ નહીં હોવા છતાં નાણાકીય વર્ષ 2025/26 માં બે લાખથી વધુ પેસેન્જર મેળવવાનો રેકોર્ડ પર સુરતના નામે લખાયો છે.

નાણાકીય વર્ષ 2025/26માં એર ઈન્ડિયા એક્સપ્રેસ અને ઈન્ડિગોની વિકમાં 4 અને 3 દિવસની ફ્લાઈટને કુલ 98,470 પેસેન્જર મળ્યાં હતા.

...અનુસંધાન પાના 5 પર

# સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ કરનાર રાજકોટથી ઝડપાયો

**લસકાણાનો** દુષ્કર્મનો આરોપી પોલીસથી બચવા નોકરી બદલતો રહેતો હતો

સુરતઃ લસકાણા વિસ્તારમાંથી સગીરાને પ્રેમજાળમાં ફસાવી શારીરિક સંબંધ બાંધનાર દસ મહિનાથી ફરાર આરોપીને સુરત ક્રાઈમબ્રાન્ચે રાજકોટથી ઝડપી પાડ્યો છે.

ગઈ તારીખ ૧૫ જુલાઈ ૨૦૨૫ના રોજ લસકાણા વિસ્તારમાં આવેલી આમંત્રણ હોટલ, વાલકપાટિયા-મિશન રોડ પાસેથી એક સગીરાનું અપહરણ થયું હતું. તેને લકી દેવાનંદ તાયડે (ઉ.વ. ૨૦, મૂળ રહે. હીવરખેડ, અકોલા, મહારાષ્ટ્ર) લગ્નનું વચન આપીને ભગાવી ગયો હતો અને અલગ અલગ સ્થળે તેની સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. આ બનાવની ફરિયાદ નોંધાઈ ત્યારથી તે ફરાર થઈ ગયો હતો. તેની સામે પોલીસે પોક્સો સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. દરમિયાન ક્રાઈમબ્રાન્ચને બાતમી મળી હતી કે, તે રાજકોટની મેટોડા જીઆઈડીસીની ક્રિસ્ટલ કંપનીમાં કામ કરે છે. જેથી તેને ઝડપી લેવાયો હતો. પોલીસ પકડી લે તે ડરથી તે અલગ અલગ નોકરી બદલતો હતો અને એક મહિનાથી રાજકોટની કંપનીમાં હતો.

બીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ગોપાળભાઈ ગાંડાભાઈ આહિર
(જન્મ તા. ૦૧-૦૫-૧૯૬૪)
(સ્વ. તા. ૨૯-૦૫-૨૦૨૪)

જીવન તો જીવી ગયા એવી ખુમારી થી કે જીવનારા જોયા કરે,
સુખને છલકાયું નહિ, દુ:ખને દેખાડ્યું નહિ, જીવનભર મહેનત એવી કરી કે
અમોને પથ્થર માંથી સોનું બનાવી ગયા તમે, સમાજમાં સુવાસ ફેલાવી
સેવા, સંસ્કાર અને સમર્પણની જ્યોત જલાવી, તમારી ખોટ કદી પુરાશે નહીં,
પરમ કૃપાળુ પરમાત્મા આપનાં દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.
॥ લિ. ॥
ચંપાબેન ગોપાળભાઈ આહિર (પત્ની)
નિતેશકુમાર ગોપાળભાઈ આહિર (પુત્ર)
ભુમિકા નિતેશકુમાર આહિર (પુત્રવધુ)
જીતેન્દ્રકુમાર જગદીશભાઈ આહિર (જમાઈ)
રાજેશ્રીબેન જીતેન્દ્રકુમાર આહિર (પુત્રી)
રચિત, વીર, રિયાંશ, સૃષ્ટિ

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

॥ પાંચમી પૂણ્યતિથિએ વ્હાલા પપ્પાને શ્રદ્ધાંજલિ ॥



સ્વ. નાનુભાઈ ધનજીભાઈ પટેલ
જન્મ તા. ૦૪/૧૨/૧૯૫૬ સ્વ. તા. ૨૯/૦૫/૨૦૨૧

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા સંસ્કારોથી શોભતા અમે, સંઘર્ષ તમે કર્યા સુખ અમને મળ્યા, કર્મ તમે કર્યા, ફળ અમને મળ્યા, કોઈ કહે પૂણ્ય કમાઈને ગયા, કોઈ કહે સુવાસ ફેલાવીને ગયા, કોઈ કહે પરિવારનો પાયો ગયો. અમો તો કહીશું અમારા તો સર્વેસર્વા ગયા. તમારા જેવા પપ્પા હવે નહીં મળે. પળે પળે યાદ ખૂબ આવશો તમે. ભગવાન આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
ગં.સ્વ. સવિતાબેન નાનુભાઈ પટેલ
નિકુંજ નાનુભાઈ પટેલ — વંદના નિકુંજભાઈ પટેલ
ધર્મેશ નાનુભાઈ પટેલ — ખુશ્બુ ધર્મેશભાઈ પટેલ
મયુરી પારસ રંગરેજ — સપના કૌશલ પટેલ
દેવાંશ, સ્વ. જૈવિન, દ્રિસાના, ધ્વીતી, માહિરા, દૈવિક, ધ્રુવિન, ઝીવા, તક્ષ્વી, અંશ, તથા સમસ્ત પટેલ પરિવાર
સપના ફાર્મ, અલથાણ

પ્રાર્થના સભા



સ્વ. સાધુરામ હરિપ્રસાદ પટેલ
જ. તા. ૧૩.૦૯.૧૯૩૫ - સ્વ. તા. ૨૫/૦૫/૨૦૨૬
રામોલ, મોટી ૨૭, ચરોતર - સુરત

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજનશ્રી
સાધુરામ હરિપ્રસાદ પટેલ નું
સોમવાર તા. ૨૫/૦૫/૨૦૨૬ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.
પરમ કૃપાળુ પરમેશ્વર તેમના દિવંગત આત્માને શાંતિ આપે તેજ પ્રાર્થના છે.
: પ્રાર્થના સભાનું સ્થળ :
તારીખ : 30/૦૫/૨૦૨૬ શનિવાર | સમય : સાંજે ૪.00 થી ૬.00 કલાકે
સ્થળ : શ્રી સુરત પાંજરાપોળ,
બી.એસ.એન.એલ. ઓફિસની સામે, ઘોડદોડ રોડ, સુરત.
લિ.
ગં.સ્વ. સરોજબેન સાધુરામ પટેલ
સંજય સાધુરામ પટેલ
અજય સાધુરામ પટેલ
વિજય સાધુરામ પટેલ
તથા સમસ્ત પટેલ પરિવાર - મો. ૯૫૩૭૯૫૯૫૯૫